5

વિકલાંગ વ્યકિતઓ માટે રાજય સરકારની સેવાઓ/જગ્યાઓ સીધી ભરતી માટેના રોસ્ટર ક્રમાંક અને રોસ્ટર રજીસ્ટર નિભાવવા અંગે.

ગુજરાત સરકાર
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ
પરિપત્ર ક્રમાંકઃ પવટ/૧૦૨૦૧૨/૧૩૮/રોસ્ટર
સચિવાલય, ગાંધીનગર
તારીખઃ- 18 JUN 2012

સંદર્ભઃ-

(૧) ભારત સરકારના મીનીસ્ટ્રી ઓફ પર્સોનલ, પબ્લીક ગ્રીવન્સીસ એન્ડ પેન્શન (ડિપાર્ટમેન્ટ ઓફ પર્સોનલ એન્ડ ટ્રેનિંગ) ની તા. ૨૯-૧૨-૦૫ ની કચેરી યાદી ક્રમાંકઃ ૩૬૦૩૫/૩/૨૦૦૪/એસ્ટા (રીઝર્વેશન)

(૨) સામાન્ય વહીવટ વિભાગનું તા. ૧૯/૦૨/૨૦૦૦ નું જાહેરનામું ક્રમાંકઃ ગસ-૨૦૦૦-૪-સી.આર.આર-૧૦૯૪-૧૬૫૪-ગ.૨

(૩) સામાન્ય વહીવટ વિભાગનો તા.૫/૯/૨૦૦૦ નો ઠરાવ ક્રમાંકઃપવસ-૧૬૯૬-૮૭૮-ભાગ.૨-ગ.૪

(૪) સામાન્ય વહીવટ વિભાગનો તા.૩/૦૮/૨૦૧૧ નો ઠરાવ ક્રમાંકઃપવસ-૧૬૯૬-૮૭૮-ભાગ.૨-ગ.૪

પરિપત્રઃ-

ભારત સરકારના મીનીસ્ટ્રી ઓફ પર્સોનલ પબ્લીક ગ્રીવન્સીસ એન્ડ પેન્શન (ડિપાર્ટમેન્ટ ઓફ પર્સોનલ એન્ડ ટ્રેનિંગ) ની તા. ૨૯-૧૨-૨૦૦૫ની કચેરી યાદી થી વિકલાંગ વ્યકિતઓ માટેની અનામત જગ્યાઓ ભરવા સંબંધે ૧૦૦ ક્રમાંકનું નમૂના રૂપ રોસ્ટર રજીસ્ટર નિભાવવાની જોગવાઇ કરી, તે અંગેના રજીસ્ટરનો નમૂનો નિયત કરવામાં આવેલ છે.

સામાન્ય વહીવટ વિભાગના તા. ૧૯-૦૨-૨૦૦૦ના જાહેરનામાથી વિકલાંગ માટે ૩% જગ્યાઓ અનામત રાખવાની કરવામાં આવેલ જોગવાઇ અનુસાર જો વિકલાંગ ઉમેદવાર પસંદગી પામે તો તેને જે તે યોગ્ય કેટગરી ( જેવી કે અનુસૂચિત જાતિ/અનુસૂચિત જનજાતિ/સામાજીક અને શૈક્ષણિક પછાતવર્ગ/સામાન્ય કેટેગરી) એટલે કે ઉમેદવાર જે કેટેગરીનો હોય તે કેટેગરીમાં મુકવો તેવું ઠરાવવામાં આવેલ છે.

વિકલાંગ ઉમેદવાર માટે અલગ રોસ્ટર પોઇન્ટ ગણવાનો રહેતો નથી. પરંતુ વિકલાંગ માટેની અનામત એ Interlocutary ગણવાની રહે છે. જે ધ્યાને લેતાં તા. ૫-૦૯-૨૦૦૦ ના ઠરાવ સાથેના સીધી ભરતીથી ભરવાની વર્ગ-૩ અને વર્ગ-૪ ની

(પાછળ)

જગ્યાઓ માટેના નમૂના રૂપ રોસ્ટર અંગેના પરિશિષ્ટિ-૩ સામાન્ય વહીવટ વિભાગના તા. ૩-૦૮-૨૦૧૧ના ઠરાવ ક્રમાંકઃ પવસ-૧૬૯૬-૮૭૮-ભાગ.૨-ગ.૪ થી રદ કરવામાં આવેલ છે. અને રાજય અને જિલ્લા કક્ષાએ વર્ગ-૧ અને વર્ગ-૨ ની સીધી ભરતીથી ભરવાની જગ્યાઓ માટેનું હાલનું પરિશિષ્ટિ-૨ રાજય કક્ષાએ સીધી ભરતીથી વર્ગ-૩ અને વર્ગ-૪ ની જગ્યાઓ ભરવા માટે પણ લાગુ પાડવાનું સામાન્ય વહીવટ વિભાગે ઠરાવેલ છે. સાથો સાથ સામાન્ય વહીવટ વિભાગના તા. ૩-૦૮-૨૦૧૧ ના ઠરાવ ક્રમાંકઃસીઆરઆર-૧૦૨૦૦૯-૯૩૧૨૭-ગ.૨ થી નીચે મુજબ પણ ઠરાવવામાં આવેલ છે.

(૧) વિકલાંગ વ્યકિતઓ માટેની સીધી ભરતીથી ભરવાની થતી અનામત જગ્યાઓના સંદર્ભમાં આ સાથે સામેલ પરિશિષ્ટિ મુજબનું સીધી ભરતીથી નિમણૂંક અંગેનું ૧૦૦ ક્રમાંકનું નમૂના રૂપ રોસ્ટર રજીસ્ટર નિભાવવાનું રહેશે.

(૨) સીધી ભરતીથી નિમણૂંક અંગેનું દરેક રજીસ્ટર ૧૦૦ ક્રમાંકનું રહેશે અને તેમાં ક્રમાંકઃ ૩૪, ૬૮, ૧૦૦ વિકલાંગ વ્યકિતઓ માટે સુનિચિત થયેલા રહેશે.

(૩) દરેક સંવર્ગમાં સુનિશ્રિત કરાયેલ જગ્યાઓમાં બિન અનામત તેમજ અનામત એવી તમામ જગ્યાઓ જેમ જેમ ભરાય તેમ તેમ તેની નોંધણી પ્રસ્તુત રોસ્ટર રજીસ્ટરમાં કરવાની રહેશે અને ૧૦૦ ક્રમાકના અંતે વિકલાંગો માટેની સુનિશ્રિત થયેલી જગ્યાઓ યોગ્ય રીતે ભરાય તે અંગેની જરૂરી કાળજી રાખવાની રહેશે.

વધુમાં સીધી ભરતીના રોસ્ટર રજીસ્ટરો પરિશિષ્ટ-૨ મુજબ નિભાવવાના રહેશે.

સચિવાલયના સર્વે વિભાગોને તેમના નિયંત્રણ હેઠળના ખાતાના વડા, બોર્ડ/ કોર્પોરેશન/જાહેર સાહસો/વૈધાનિક સંસ્થાઓ/શાળા-મહાશાળાઓ/વિધાલયો/મહાનગર પાલિકાઓ કોર્પોરેશન/નગરપાલિકાઓ તથા સરકારશ્રી તરફથી સહાયક અનુદાન મેળવતી તમામ સંસ્થાઓના ધ્યાન ઉપર આ વિગતો લાવવા અને આનુષાંગિક કાર્યવાહી કરવા જણાવવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( એચ.જી.ભાભોર )

નાયબ સચિવ

સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ.

બિડાણઃ- રોસ્ટર રજીસ્ટરનો નમૂનો.

પ્રતિ,

(૧) માનનીય રાજયપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.

(૨) માનનીય મુખ્યમંત્રીના અધિક અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

(૩) સર્વે મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ સચિવાલય, ગાંધીનગર

(૪) માનનીય વિરોધ પક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર

(૫) સર્વે રાજયકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ સચિવાલય, ગાંધીનગર

(૬) રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ

(૭) સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર

(૮) સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ

(૯) સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર

(૧૦) સચિવશ્રી, ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર

(૧૧) સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, અમદાવાદ

(૧૨) સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર

(૧૩) એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ/રાજકોટ

(૧૪) પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર

(૧૫) નિવાસી તપાસણી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર

(૧૬) સચિવાલયના સર્વે વિભાગો, તેમના તાબાના ખાતાના વડા તથા કચેરીઓના વડાને યોગ્ય સૂચનાઓ આપવાની વિનંતી સાથે.

(૧૭) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના તમામ અધિકારીશ્રીઓ/શાખાઓ

(૧૮) સિલેકટ ફાઇલ/ અંગત ફાઇલ.

(૧૯) પત્ર ધ્વારા.

સામાન્ય વહીવટ વિભાગનાં તા.૦૩/૦૮/૨૦૧૧ નાં ઠરાવ ક્રમાંકઃ—સીઆરઆર/૧૦૨૦૦૯/૯૩૧૨૭/ગ.૨ નુ બિડાણ પત્રક.

વિકલાંગ વ્યક્તિઓની સીધી ભરતીથી ભરવાની જગ્યાઓનું રોસ્ટર રજીસ્ટરનો નમુનો.

| ભરતીનું વર્ષ | આવર્તક નંબર અને રોસ્ટર ક્રમાંક નંબર | જગ્યાનું નામ | જો કોઈ જગ્યા ચોકકસ પ્રકારની અપંગતા માટે સુનિશ્ચિત કરાયેલ હોય તો | | | બિનઅનામત કે અનામત (×) | નિમણૂંક અપાયેલ વ્યક્તિનું નામ અને નિમણૂંકની તારીખ | નિમણૂંક પામેલ વ્યક્તિ VH/HH/OH કે કોઈ નહીં (××) | રિમાર્કસ જો હોય તો |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | અંધત્વ અથવા ઓછી દૃષ્ટિ VH | શ્રવણની ખામી HH | હલનચલન વિકલાંગતા અથવા મગજનો લકવા OH | | | | |
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) | (૭) | (૮) | (૯) | (૧૦) |
| | | | | | | | | | |
| | | | | | | | | | |
| | | | | | | | | | |
| | | | | | | | | | |

(×) જો જગ્યા VH / HH / OH માટે અનામત હોય તો સંબંધિત કોલમમાં દર્શાવવી, અન્યથા બિનઅનામતના કોલમમાં દર્શાવવી.

(××) નિમણૂંક પામેલ વ્યક્તિ VH / HH / OH કે અન્ય છે તે બાબત સ્પષ્ટ રીતે દર્શાવવી.